# બિલાડીઓની જાન

વેંડા ગૈગ

રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદ : રુચિર



શિશુ મિલાપ, વડોદરા



મારી મમ્મીને અનુવાદ કરતી જોઈ મને પણ અનુવાદ કરવાનું મન થયું. વાર્તાની ચોપડીઓ જોતાં મને લાગ્યું કે હું પણ અનુવાદ કરી શકીશ અને મેં કાગળ પેન હાથમાં લઈ લીધાં.

હું અગિયાર વર્ષનો છું. હું શાળાએ ક્યારેય ગયો નથી. મારી મેળે ઘેર જ અભ્યાસ કરું છું. મને જુદી જુદી ભાષાઓ શીખવાનું ગમે છે. ઉડિયા, બંગાળી અને પંજાબીનો કક્કો શીખવાનું શરૂ કર્યું છે!

સર્જનાત્મક પ્રવૃત્તિ અને વિજ્ઞાનના પ્રયોગો કરવાનું મને ગમે છે. તબલા, હારમોનીયમ, સ્કેટિંગ, સ્વીમીંગ વગેરે શીખું છું. જંગલમાં ભ્રમણ કરવું ગમે છે.

ક્રિકેટ, બેડમીંટન, ટેબલટેનીસ, ચેસ, કેરમ વગેરે રમતોમાં મને મઝા પડે છે.

હું એક હસ્તલિખિત બાળ સામયિક "ફૂલઝર"નું સંપાદન પણ કરું છું — જે મારા ૭૦ દોસ્તો સુધી પહોંચે છે.

ગૂજરાત વિદ્યાપીઠના બાળ પુસ્તકાલયના સભ્ય થયા પછી મને ત્યાંથી અમારી પાસે ન હોય તેવા પુસ્તકો લાવીને વાંચવાની ખૂબ મઝા પડે છે. લાયબ્રેરીમાં અમારે લાયક જુદા જુદા વિષયના અનેક પુસ્તકો છે. લાયબ્રેરીના કબાટ જોતાં મને થાય છે કે આ બધા પુસ્તકો હું ક્યારે વાંચી રહીશ ?

મારું સરનામું છે :

૯-૯-૯૯

રુચિર,
જીવનતીર્થ, જૂના કોબા,
ગાંધીનગર-૩૮૨ ૦૦૯

હાલ મેં નીચેની ચાર ચોપડીઓનો અનુવાદ કર્યો છે :
છુપાયેલું રહસ્ય, સ્વાર્થી રાક્ષસ, મીરકાની થૂલી અને બિલાડીઓની જાન.

બિલાડીઓની જાન : વૅંડા ગૅગ
Biladioni Jaan : Wanda Gag

રજૂઆત : અરવિન્દ ગુપ્તા
અનુવાદ : રુચિર
© સર્વાધિકાર સુરક્ષિત
ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ

પુસ્તકમાળાના સંપાદક : અરવિન્દ ગુપ્તા

કાર્યકારી સંપાદક : સંજય કુમાર

રેખાંકન : વૅંડા ગૅગ

લેસર ગ્રાફિક્સ : અક્ષરનિર્માણ,
બી-૫, રંભા કોમ્પલેક્ષ,
ગુજરાત વિદ્યાપીઠ સામે, અમદાવાદ-૧૪
મુદ્રક : હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ.
ફોન : ૫૬૨૬૮૧૩

પ્રકાશન વર્ષ : સપ્ટેમ્બર, ૧૯૯૯

કિંમત : ૫-૦૦/- રૂપિયા

પ્રકાશક :

શિશુમિલાપ,
૧, શ્રી હરી એપાર્ટમેન્ટ,
એક્ષપ્રેસ હોટલ પાછળ, અલકાપુરી,
વડોદરા - ૩૯૦ ૦૦૭
ફોન : ૦૨૬૫ - ૩૪૨૫૩૯

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ દ્વારા 'રાષ્ટ્રીય સાક્ષરતા મિશન'ના સહયોગથી થયેલું. જન વાચન આંદોલન હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા-લખવામાં રસ પેદા કરવાનો છે.

# બિલાડીઓની જાન



લેખિકા : વૈંડા ગૈગ
રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદ : રુચિર





# બિલાડીઓની જાન





ઘણાં સમય પહેલાંની વાત છે.
એક ખૂબ ઘરડાં દાદા-દાદી હતાં.
તેઓનું ઘર નાનું પણ ખૂબ ચોખ્ખું હતું.

ઘરની આસપાસ દરવાજા સિવાયની જગ્યાએ ફુલોના ક્યારા બનાવ્યા હતા. તેમ છતાં તેઓ ખુશ નહોતા. તેઓને સૂનું સૂનું લાગતું હતું.

એક વખત દાદીમા મોટો નિસાસો નાંખીને કહ્યું,
''જો આપણી પાસે એકાદ બિલાડી હોત તો કેવું સારું !!''
''બિલાડી?'' દાદાજીએ પૂછ્યું.
''હા,એક સરસ રૂંવાટીવાળી, નાની નાજુક સુંદર બિલાડી.'' દાદીએ કહ્યું.
''હું તારા માટે જરૂર એક બિલાડી લાવીશ'' દાદાએ કહ્યું.





પછી તો દાદાજી બિલાડી શોધવા નીકળી પડ્યા. તડકાથી ઢંકાયેલી ટેકરીઓ પસાર કરી, ગીચ ઝાડીઓમાંથી પસાર થયા. બસ તે ચાલતા રહ્યા, ચાલતા રહ્યા. અંતે એક એવા પહાડ પર પહોંચ્યા જ્યાં ઘણી બધી બિલાડીઓ હતી.





અહીં બિલાડી, તહીં બિલાડી,
જ્યાં જૂઓ ત્યાં બિલાડી જ બિલાડી;
મૂ,મૂ ,મેં મેં, મ્યાઉ મ્યાઉં, મેં મેં,
લાખો કરોડો બિલાડી જ બિલાડી !



'વાહ', ખુશ થઈ દાદાજી બોલ્યા. ''હવે હું સૌથી સુંદર બિલાડીને પસંદ કરીને ઘેર લઈ જઈશ.' તેમણે એક બિલાડી પસંદ કરી. જે સુંદર સફેદ હતી. પરંતુ જેવા તે જવા તૈયાર થયા કે તેને કાળી-ધોળી એક મઝાની બિલાડી દેખાઈ. એ પણ પહેલી બિલાડી જેવી જ હતી. તેમણે તેને પણ સાથે લઈ લીધી.







પછી તેમને રૂંવાટીવાળી રાખોડી બિલાડી દેખાઈ. તે પણ રૂપરંગમાં ઊણી ઉતરે તેવી ન હતી. એટલે એમણે તો ભાઈ એનેય સાથે લઈ લીધી!

પછી તેમને ખૂણામાં એક બીજી બિલાડી દેખાઈ. દાદાજીને આવી સુંદર બિલાડીને મૂકીને જવાનું યોગ્ય ન લાગ્યું. તેમણે તેનેય સાથે લઈ લીધી.





બસ એ જ વખતે દાદજીને એક બિલાડીનું નાનું બચ્ચું દેખાયું. કાળું કાળું અને એટલું જ નમણું, સુંદર. દાદાજીને થયું. "આને મૂકીને જવું એ તો બહુ શરમજનક વાત કહેવાય" તેમણે તેનેય સાથે લઈ લીધું.





પછી તેમને એક એવી બિલાડી દેખાઈ જેના શરીર પર વાઘના બચ્ચા જેવા પીળા-કાળા ચટાપટા હતાં. દાદાજી એકદમ આનંદના આવેગમાં બોલી પડ્યા, ''આને તો લઈ જ જવી જોઈએ.'' અને એમણે એ બિલાડી પણ સાથે લઈ લીધી.



૧૨

કંઈક એવું થઈ ગયું  કે જેટલી વાર  દાદજી માથું ઉંચું કરે તેટલીવાર તેમને એક સુંદર બિલાડી દેખાઈ જતી અને તેને તે સાથે લઈ લેતા. એનું પરિણામ એ આવ્યું કે તેમણે બધી બિલાડીઓ સાથે લઈ લીધી.



હવે તે પાછા ફર્યા. એ જ તડકા પથરાયેલા પહાડો અને ગીચ વનરાજીમાંથી ઘર તરફ જવા લાગ્યા. તે ખુશ થતા હતા કે ઘેર જઈને દાદીમાને આટલી બધી બિલાડીઓ બતાડી ખુશ ખુશ કરી દઈશ.

હજારો, લાખો, કરોડો બિલાડીઓને પોતાની પાછળ ચાલતી જોઇ એમને ઘણું નવાઇ ભરેલું લાગતું હતું.







ચાલતા ચાલતા તેઓ એક તળાવ પાસે પહોંચ્યા.
''મ્યાઉં, મ્યાઉં અમને તરસ લાગી છે.''
એ હજારો, લાખો, કરોડો બિલાડીઓ બૂમો પાડવા માંડી.



દાદાજીએ કહ્યું, ''કાંઈ વાંધો નહીં. અહીં ઘણું પાણી છે.'' દરેક બિલાડીએ એક એક ઘૂંટડો પાણી પીધું અને આખું તળાવ ખાલી થઈ ગયું. બધા આગળ ચાલ્યા.





''મ્યાઉં મ્યાઉં હવે અમને ભૂખ લાગી છે.'' વળી પાછી હજારો, લાખો, કરોડો બિલાડીઓ એક સાથે બોલી.



''આ ટેકરી પર ઘણું ઘાસ છે'' - દાદાજીએ કહ્યું. દરેક બિલાડીએ ઘાસનું એક એક તણખલું ચાખ્યું અને બધું સફાચટ્ટ થઈ ગયું.





થોડી વારમાં જ દાદીમાએ દાદાજીને આવતા જોયા અને તે બૂમ પાડી ઉઠયા. ''અરે ! તમે આ શું કર્યું ? મેં તો માત્ર એક નાનકડી બિલાડી માગી હતી, પરંતુ મને તો અહીં બિલાડીઓની જાન દેખાય છે.''





અહીં બિલાડી, તહીં બિલાડી,
જ્યાં જુઓ ત્યાં બિલાડી બિલાડી;
મૂ મૂ ,મેં મેં, મ્યાઉ મ્યાઉં, મેં મેં,
લાખો કરોડો બિલાડી જ બિલાડી!

દાદીમાએ કહ્યું, " આપણે આ બધી બિલાડીઓને શું ખવડાવીશું, શું પીવડાવીશું ? તેઓ તો આપણું આખું ઘર જ ખાઈ જશે.'

દાદાજી કહે, મેં એના વિશે તો વિચાર્યું જ નથી."

"હવે આપણે શું કરીએ"

દાદીમા થોડી વાર વિચારીને બોલ્યાં, ''હું કહું! આપણે બિલાડીઓને જ નિર્ણય કરવા દઈએ કે આપણી પાસે કોણ રહેશે."

''ભલે," દાદાજીએ કહ્યું. અને પછી તેણે બધી બિલાડીઓને પોતાની પાસે બોલાવીને પૂછ્યું, "તમારામાંથી સૌથી સુંદર કોણ છે? "

"હું "

"હું "

''ના, ના હું જ સૌથી સુંદર છું."

''ના ના હું છું, હું છું," હજારો, લાખો, કરોડો બિલાડીઓ એક સાથે બોલી, કારણ કે દરેક બિલાડી પોત પોતાને જાતને જ સૌથી વધારે સુંદર સમજતી હતી.



પછી બધી બિલાડીઓ અંદરોઅંદર લડવા લાગી.





બિલાડીઓ
એકબીજાને નખોરિયા
ભરવા માંડી. તેઓ એ
એટલી ધાંધલ મચાવી મૂકી
કે દાદજી-દાદીમા તો દોડીને
તેમના ઘરમાં જ ઘૂસી ગયા.
તેમને આ લડાઈ-ઝઘડો
બિલકુલ ન ગમ્યા . પરંતુ
થોડીવાર પછી બહારથી
અવાજ આવતો બંધ થઈ
ગયો, ત્યારે દાદા-દાદીએ
બારીમાંથી બહાર જોયું.
તેમને એક પણ બિલાડી ન
દેખાઈ.





''મને લાગે છે કે
બધી બિલાડીઓ એકબીજાને ખાઈ ગઈ,''
દાદીમાએ કહ્યું. ''આ તો બહુ ખોટુ થયું.''
''એ જરા આ બાજુ તો જો.''
દાદાજીએ ઊંચા ઘાસ તરફ ઈશારો કરતાં કહ્યું.
ત્યાં એક નાનું ગભરાએલું
બિલાડીનું એક બચ્ચું બેઠું હતું.
તેમણે ત્યાં જઈને તેને ખોળામાં લઈ લીધું .
તે એકદમ દૂબળું પાતળું અને મરિયલ હતું.

''બિચારું બિલાડીનું બચ્ચું .'' દાદીમાએ કહ્યું.

''વહાલા બિલાડીના બચ્ચાં,'' દાદાજીએ પૂછ્યું, ''આવું કેવી રીતે થયું કે એ હજારો, લાખો, કરોડો બિલાડીઓએ તને ન ખાધું?''

બિલાડીનું બચ્ચું બોલ્યું, " બસ હું તો એક નાનકડી સાદી બિલાડી છું. જ્યારે તમે પૂછ્યું કે સૌથી સુંદર કોણ છે ત્યારે હું ચૂપ રહી અને કશું જ ન બોલી. એટલે મારા ઉપર કોઈએ કાંઈ ધ્યાન જ ન આપ્યું.''







પછી તેઓ એ બચ્ચાને ઘરમાં લઈ ગયા. દાદીમાએ ગરમ પાણીથી તેને નવરાવ્યું અને બ્રશ લઈ તેની ચળકતી રૂંવાટી સરખી કરી.

બચ્ચાને તેઓ રોજ ખૂબ
દૂધ આપતા.





તે જલ્દી સારું અને મોટું થઈ ગયું-
બિલાડી બની ગયું.



''છેવટે આપણને એક વહાલી બિલાડી મળી ખરી'' દાદીમા બોલ્યાં.

''આ દુનિયાની સૌથી સુંદર બિલાડી છે.'' દાદાજીએ કહ્યું. ''મને એના વિશે ખબર છે કારણ કે મેં હજારો, લાખો, કરોડો બિલાડીઓ જોઈ છે. પણ એકેય આના જેવી સુંદર ન હતી.''









# બિલાડીનું બચ્ચું

બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય,
બસ રીક્ષામાં ચક્કર આવે ચાલતું-ચાલતું જાય.
રસ્તા ઉપર ડાબે ચાલે હળવે-હળવે જાય,
ચહેરા ઉપર હિમ્મત રાખે પણ મનમાં ગભરાય.
શહેરના તો મોટા રસ્તા પહોળા-પહોળા કાંઈ,
સામી બાજુ જાવું છે પણ બચ્ચુ બહુ મુંઝાય.
કુતરાભાઈ તો ટ્રાફિક પોલીસ દૂરથી સમજી જાય,
સીટી મારી હાથ બતાવે ટ્રાફીક અટકી જાય.
આભાર કુતરા ભાઈનો માની બચ્ચું આગળ જાય,
મેળે પહોંચ્યું મેળામાં તો ભીડ ગજબની થાય.
ચકડોળ ઉંચુ-નીચું ફરતું વાદળ સુધી જાય,
નાની એવી રેલગાડી જોઈ બચ્ચું બહુ હરખાય.
મેળામાં તો સ્ટોલ ઘણાં છે - ખાવા મન લલચાય,
દાદીનું એ યાદ આવ્યું કે બહારનું ન ખવાય.
પાણીપુરી, ભેળ-પકોડી, આઈસ્ક્રીમ પણ વેચાય,
દાદાનું એ યાદ આવ્યું કે બહારનું ન ખવાય.
મદારીની મજા આવી જાદુની નવાઈ,
સાંજ પડી ગઈ-હવે બચ્ચું પાછું ઘરે જાય.